ગાંધીનગર સમાચાર

**અરવિંદ કેન્દ્ર ખાતે માતાજીની ધ્યાન-પ્રાર્થના**

# સે-૨૨માં ખેડૂત બજાર 'હાઈજેક' થયું !!

**લારી-પાથરણાંવાળાની જોહુકમી સામે તંત્ર પણ લાચાર : ગુસ્સે ભરાયેલ એક ખેડુત તેનો માલ મેદાનમાં નાંખી પરત ફર્યો : આ માલ લૂંટવા ધમાચકડી મચી : ખેડૂતોમાં આક્રોશ : ખેડૂતોને ઓળખપત્ર આપી અન્યોને ખેડૂત બજારમાં વેપારની છૂટ ના આપવા માંગ**







ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરમાં ગુરુવારે સેક્ટર-૨૨માં યોજાયેલા ખેડૂત ગ્રાહક બજારમાં શાકભાજીના વેપારીઓ, પાથરણા તથા લારીવાળાએ બજારને ચોતરફથી ઘેરી લેતા ઉભા રહી જઈ પોતાનો વેપાર ચાલુ કરી દેતા ખેડૂતોમાં રોષની લાગણી ફેલાઈ હતી. આ પ્રકારે ખુલ્લેઆમ બજારને 'હાઈજેક' કરી લેવાતા ખિન્ન થયેલા છાલા ગામનો ખેડૂત તેના ટ્રેકટર માંહેનો તમામ માલ-સ્ટોક મેદાનમાં જ ખાલી કરી ગુસ્સામાં ત્યાંથી જતો રહ્યો હતો. તેણે ઢગલો કરેલા શાકભાજીને લૂંટવા પણ લારી-પાથરણાંવાળાએ ભારે હલ્લો કર્યો હતો. ખેડૂત ગ્રાહક બજારને આમ હાઈજેક કરી લેવાની આ હરકત સામે બજારના આયોજકો તદ્દન લાચાર પુરવાર થયા હતા અને અનેક ગ્રાહકો પણ ખેડૂતોને બદલે રોજીંદા લારી-પાથરણાંવાળાઓને વેપાર કરતા જોઈ નિરાશવદને પરત ફર્યા હતા. પોલીસે મંડપ સામેથી વેપારીઓને હટાવ્યા હતા પરંતુ આસપાસમાં બજાર યથાવત રહ્યું હતું.

સે-૨૨માં ગુરુવારે યોજાયેલા ખેડૂત ગ્રાહક બજારના મંડપની આસપાસ સવારે ૧૦ વાગ્યાની આસપાસના સુમારે થોડાક ખેડૂતો તેમના ટ્રેકટર-ટ્રોલી તથા અન્ય વાહનો સાથે મંડપમાં ગોઠવાયા હતા. બરાબર આ સમયે શહેરમાં રોજીંદો શાકભાજીનો વેપાર કરતા લારી-ટોપલાંવાળા ફેરિયા, પાથરણાંવાળા તથા અન્ય શાકભાજીના નાના મોટા વેપારીઓએ બજારની ફરતે અડ્ડો જમાવી દીધો હતો. જેના કારણે ખેડૂતો સુધી ગ્રાહક પહોંચી જ ના શકે તેવી સ્થિતિ સર્જાઈ હતી. લારી-પાથરણાંવાળા વેપારીઓની ખુલ્લેઆમ જોહુકમી સામે ખેડૂતો અવાચક થઈ ગયા હતા. ખેડૂતોની લાચારી જોઈ આ વેપારીઓ વધુ જોશમાં આવી ગયા હતા અને મોટે મોટેથી બુમો પાડી પોતાનો વેપાર ચાલુ કરી દીધો હતો. આ પરિસ્થિતિ જોઈ છાલા ગામના એક ખેડૂતે વેચવા લાવેલ પોતાની તમામ શાકભાજી ભરેલી ટ્રોલી મેદાનમાં જ ખાલી કરી દીધી હતી અને પોતાના ગામ પરત જવા રવાના થઈ ગયો હતો. આ જોઈ તેણે ખાલી કરેલ શાકભાજી જેમાં રીંગણા, રવૈયા, ફલાવર-કોબીઝ વગેરે હતા જેને લૂંટવા લારી-પાથરણાંવાળાના માણસોએ તથા હાજર ગ્રાહકોએ ધમાચકડી મચાવી હતી. લારી પાથરણાંવાળાઓએ આ માલને પાછો પોતાના ઠેલામાં કે પાથરણામાં વેચવા માટે મુકી દીધો હતો.

**● ધારાસભ્ય શંભુજી ઠાકોર ધસી આવ્યા!**

ખેડૂત ગ્રાહક બજારનું હાઈજેક થતું હોવાની ફરિયાદો મળતા ધારાસભ્ય શંભુજી ઠાકોર તુરંત ઘટના સ્થળે ધસી આવ્યા હતા. આ ઉપરાંત કલેકટરની સૂચનાથી પોલીસ પણ આવી પહોંચી હતી અને મંડપ સામેથી લારી પાથરણાવાળા વેપારીઓને હટાવ્યા હતા પરંતુ આસપાસમાં તેમનો અડ્ડો યથાવત રહ્યો હતો. જો કે બીજી તરફ કેટલાક ખેડૂતોએ વેપારીઓના ભાવે જ શાકભાજી વેચવાનું ચાલુ કરી દેતા ગ્રાહકોને ખેડૂત-વપારીમાં કોઈ જ ફેર લાગ્યો ન હતો.

● 'ખેડૂત ગ્રાહક બજારમાં માત્ર ખેડૂતો જ સીધા ગ્રાહકોને



શાકભાજી વેચે તે માટે ખેડૂતોને ઓળખપત્ર આપવા તથા બજારને કોર્ડન કરી આપવા જેથી અન્ય વેપારીઓ તેમાં પ્રવેશી ના શકે તે માટે અમે કલેકટર સમક્ષ માંગણી કરી છે. જો એ પ્રમાણે વ્યવસ્થા ગોઠવાશે તો જ ખેડૂત ગ્રાહક બજારનો અસલી હેતુ જળવાશે.'

**- બાબુભાઈ પટેલ,**
**સહકારી અધિકારી (માર્કેટીંગ)**
**જિલ્લા રજીસ્ટ્રાર,**
**સહકારી મંડળીઓ**

● 'અમારા ગામમાંથી હજુ વધુ ખેડૂતો આ બજારમાં માલ વેચવા આવવા તૈયાર છે પરંતુ આવી



પરિસ્થિતિ થતી હોવાથી તેઓ પાછા પડે છે, અમે પણ અમુક જ શાકભાજી લાવ્યા છીએ. જો માત્ર ખેડૂતોને જ વેપાર કરવા દેવાય તો અમો હજુ બીજા શાકભાજીના ઉત્પાદનો પણ વેચવા લાવવા માંગીએ છીએ.'

**- સોમાભાઈ જી. પટેલ**
**ખેડૂત, દેલવાડ**

● 'ખેડૂત ગ્રાહક બજારમાં માલ વેચવા માટે ખેડૂતને આઈકાર્ડ આપવા જોઈએ અથવા ૭/૧૨ના



ઉતારાની નકલ માંગવી જોઈએ. એ સિવાયના કોઈને અહીં વેપારની છૂટ ના આપવી જોઈએ. ખેડૂતો સિવાયના વેપારીઓ બજાર બગાડે છે, તેઓએ આ ખેડૂત બજાર બંધ કરાવવાનો કારસો રચ્યો છે.'

**- મનોજભાઈ એસ. પટેલ**
**ખેડૂત, પ્રાંતિયા**

## @ગાંધીનગર

● ગાંધીનગર વાઈ-ફાઈ પ્રોજેકટ હેઠળની સ્માર્ટ સેવાઓનો શુભારંભ સાંજે ૫.૦૦ કલાકે ઓડિટોરીયમ, સિવિલ હોસ્પિટલ સંકુલ સે-૧૨ ગાંધીનગર ખાતે યોજાશે.

● રાજય સરકારના વર્ગ-૩ કક્ષાના પસંદગી પામેલ ઉમેદવારોને મુખ્યમંત્રીના હસ્તે સાંજે ૪.૦૦ કલાકે ટાઉનહોલ સે-૧૭ ખાતે નિમણુંક પત્ર એનાયત કરવામાં આવશે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજીત અદશ્યમ નાટક રાત્રે ૯.૪૫ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે.

● હરસિધ્ધી સિધ્ધી પીઠ દ્વારા પાટોત્સવની ઉજવણી અંતર્ગત પોથીયાત્રા પ્લોટ નં. ૩૬૭/૨, સે-૨-બી ખાતેથી બપોરે ૨ કલાકે પ્રસ્થાન થશે.

## આજથી બે દિવસ વિના મૂલ્યે લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૯

પૂ.શ્રી તાવરિયાજી નિર્દિષ્ટ દર માસના છેલ્લા શુક્રવાર, શનિવાર અને રવિવાર દરમિયાન લયબધ્ધ શ્વસન દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્ય કાર્યક્રમ યોજવામાં આવે છે.

આ કાર્યક્રમ ચાલુ માસે તા. ૩૦ ડિસમ્બર ૨૦૧૬થી બે દિવસ તા. ૧લી જાન્યુઆરી ૨૦૧૬ રવિવારના રોજ સવારે ૮.૦૦ થી ૯.૦૦ કલાક દરમિયાન બલરામ ભવન, સે-૧૨-ગાંધીનગર ખાતે યોજાશે. જેની સૌ પ્રજાજનોને નોંધ લેવા વિનંતી છે.

## દોલારાણા વાસણા ખાતે ગો કેશલેશ...

ગાંધીનગર જિલ્લામાં ડિઝટલ વિલેજ બનનાર દોલારાણાવાસણા ખાતે આજરોજ ગો કેશલેસ... ગો ડિજીટલ... કાર્યક્રમનું આયોજન દોલારાણા વાસણા ગામની શાળામાં કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમને જિલ્લા કલેકટર સતીશ પટેલના હસ્તે ખુલ્લો મુકાયો હતો. આ કાર્યક્રમમાં કલેકટર સતીશ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.પી. દેસાઈએ ગ્રામજનો પાસેથી ડિજીટલ પેમેન્ટ સંબંધિત મુશ્કેલીઓ, ગામની વસ્તી અને કેટલા બેંકમાં એકાઉન્ટ, દૂધ ઉત્પાદક અને સહકારી મંડળીઓમાં ગ્રામજનોને કેવી રીતે નાણાંની ચુકવણી થાય છે, જેવા વિવિધ પ્રશ્નોને જાણકારી અને ગ્રામજનોની મંઝુવણનું નિરાકરણ વિષય તજજ્ઞો દ્વારા આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર પ્રાંત અધિકારી રાકેશકુમાર વ્યાસ, નાયબ કલેકટર વેગડા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી અજયભાઈ પટેલ, ગાંધીનગર જનસેવા કેન્દ્રના મુખ્ય સંચાલક હરેશ શાહ, લીડ બેંકના એલ.ડી.એમ એ.એલ.જેતાવત અને ગામના સરપંચ ઈન્દ્રસિંહ રાઠોડ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો અને ગામના વેપારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં સે-૧૫માં આઈઆઈટીઈ કોલેજ ખાતે યોજાયેલ ગ્રામ પંચાયતની ચુંટણીઓના કારણે સે-૧૫ના ચોતરફ સમગ્ર વિસ્તારના મુખ્ય માર્ગો પર મેળાનું વાતાવરણ સર્જાયું હતું. આ માર્ગો પર પાર્કિંગ કરાયેલ કારોની લંગાર સાથે ખાણી-પીણીની લારીઓની ભરમાર જોવા મળી હતી.

● ગ્રામ પંચાયતની ચુંટણીઓના પરિણામો જાણવા ઉમટેલા ગ્રામ્ય રહીશોમાં પણ નોટબંધીનો મુદ્દો ચર્ચામાં છવાયેલો રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે નોટબંધીના કારણે હવે કેશલેસ ટ્રાન્ઝેકશન અનિવાર્ય બનતું જતું હોવાથી દરેક ગામના સરપંચ માટેના લગભગ તમામ ઉમેદવારોએ જીત્યા બાદ પોતાના ગામને સંપૂર્ણ વાઈ ફાઈ બનાવવાનું પણ વચન આપેલું છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે આંખના દર્દીઓને બતાવવા માટે અને બતાવ્યા પછી આંખમાં ટીપાં નાંખવા માટેનો એક જ રૂમ છે. એક જ રૂમના કારણે નવો કેસ કઢાવવા આવતા દર્દીઓ અને ટીપા નંખાવવા આવતા દર્દીઓ એક સાથે એકઠા થઈ જતા હોવાથી ભારે ભીડ જામે છે જેના કારણે દર્દીઓને ઘણી તકલીફ વેઠવી પડે છે.



ગાંધીનગર શહેરના સેકટર-૬ પ્લોટ નં. ૧૪૫/૨, મેઈન શોપીંગની પાછળની બાજુએ શ્રી ફુલ જોગણી માતાજી તથા શ્રી મેલડી માતાજીની કૃપાથી ફુલોના ગરબા અને ચોસઠ આરતીનું આયોજન કરાયું હતું. ફુલોના ગરબામાં જીતુ યોગીરાજ મ્યુઝીકલ ગ્રુપે વિવિધ માતાજીના ગરબાની રમઝટ બોલાવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાઈ-બહેનો સહિત ભકતો ફુલોના ગરબા માથે લઈને ગરબે ઘુમ્યા હતા. આ અનેરા ફુલોના ગરબા નિહાળવા માટે મોટી સંખ્યામાં સેકટરવાસીઓ પણ હાજર રહ્યા હતા.

## અરવિંદ કેન્દ્ર ખાતે માતાજીની ધ્યાન-પ્રાર્થના

તા. ૧-૧-૨૦૧૭ રવિવારના રોજ નૂતન વર્ષના પ્રારંભે શ્રી અરવિંદ કેન્દ્ર, સે-૨૩-ગાંધીનગર ખાતે વિવિધ કાર્યક્રમ યોજવામાં આવ્યા છે.

જેમાં સવારે ૯.૩૦ થી ૧૦.૦૦ કલાક દરમિયાન શ્રી માતાજીના 'ઓર્ગન' મ્યુઝીક સાથે ધ્યાન-પ્રાર્થના કરવામાં આવશે તેમજ સવારે ૧૦ થી ૧૧ કલાક દરમિયાન 'માં' પુસ્તક ઉપર ચર્ચા-વિમર્શ માટે કડી કેમ્પસની મહિલા આર્ટસ અને કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. અમૃતાબેન પટેલ મુખ્ય વકતા તરીકે પોતાના વિચારો રજુ કરશે. આ પ્રસંગે રસ ધરાવતા સૌ નગરજનોને સંસ્થા દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## લીંબોદરા હાઈસ્કૂલનો દ્વારકા-બેટ દ્વારકા ખાતે શૈક્ષણિક પ્રવાસ યોજાયો

તાજેતરમાં શ્રી પી.પી.આર. શાહ હાઈસ્કૂલ-લીંબોદરાનો સૌરાષ્ટ્ર ખાતે ત્રિ-દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રવાસનું આયોજન શાળાના આચાર્ય તેજસિંહ પરમારની રાહબરી હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં દ્વારકા-બેટ દ્વારકા, વીન્ડફાર્મ, કાચબા ઘર, મીઠના અગરો તેમજ ચોટીલા વગેરે સ્થળોએ ધો-૬ થી ૧૧ના ૧૦૫ વિદ્યાર્થીઓએ પ્રવાસ કર્યો હતો. પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોના સુંદર સહયોગથી વિદ્યાર્થીઓનો પ્રવાસ સુંદર અને નિર્વિઘ્ને પૂર્ણ થયો હતો.



મુંબઈ-ચેન્નાઈ-કોલકત્તા અને દિલ્હીને જોડતા ૬ હજાર કીમી લાંબા સુવર્ણ ચતુર્ભુજ હાઈવેની કઠિન સાયકલયાત્રા પર નીકળેલા મુંબઈના ડૉ. હિતેન્દ્ર મહાજન અને ડૉ. મહેન્દ્ર મહાજન બુધવારે ગુજરાત આવી પહોંચ્યા હતા. હિંમતનગર જીએમઈઆરએસ મેડીકલ કોલેજના સુપ્રિન્ટેન્ડેન્ટ, વિદ્યાર્થીઓ અને ખાનગી તબીબોએ આ જાંબાઝ સાયકલીસ્ટ તબીબ ભાઈઓનું ભવ્ય સ્વાગત કર્યું હતું. 'ફોલો ધ રુલ્સ એન્ડ ઈન્ડિયા વીલ રુલ, ફોલો ધ રુલ્સ એન્ડ સેવ ધ લાઈફ' થીમ સાથે ૧૨ દિવસની આ કઠિન સાયકલયાત્રાએ નીકળેલા મહાજન બંધુઓ ગુજરાતમાં થયેલા ભવ્ય સ્વાગતથી અભિભૂત થયા હતા અને આભારની લાગણી વ્યકત કરી હતી.

# આજે વર્ગ-૩ કક્ષાના સફળ ઉમેદવારોને નિમણૂંકપત્ર અપાશે

**ગાંધીનગર ટાઉનહોલમાં નાયબ મામલતદાર, સર્વેયર, ડીવાયએસઓ અને સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર (આઈ.ટી.આઈ)ના પસંદગી પામેલા અંદાજે ૧૫૦૦થી વધારે ઉમેદવારોને મુખ્યમંત્રી નિમણુંક પત્ર એનાયત કરશે**

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત સરકારના વહીવટી તંત્રમાં કસોટીના અંતે સફળ થયેલા વર્ગ-૩ના વિવિધ કર્મચારીઓને આજે ગાંધીનગર ટાઉનહોલમાં યોજાનાર નિમણુંક પત્ર એનાયત સમારોહમાં મુખ્યમંત્રીના હસ્તે નિમણુંક પત્ર એનાયત કરવામાં આવશે. અંદાજે ૧૫૦૦થી વધારે સફળ ઉમેદવારોને આ પત્રો આપવામાં આવશે.

રાજય સરકારના વિવિધ વિભાગોમાં મહેકમની ઘટને દૂર કરવા સરકારે યુવાનો માટે વિવિધ વિભાગોની જાહેરાત પ્રસિધ્ધ કરી હતી. જેમાં શ્રમ રોજગાર, સામાન્ય વહીવટી, મહેસૂલ અને શહેરી વિકાસ વિભાગનો સમાવેશ થાય છે.

આ તમામ વિભાગો માટે રાજય સરકારે લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા યોજી સફળ ઉમેદવારોની યાદી તૈયાર કરી હતી.

સરકારના શ્રમ રોજગાર, સામાન્ય વહીવટ, મહેસૂલ અને શહેરી વિકાસ વિભાગના સંયુકત ઉપક્રમે સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર (આઈટીઆઈ), ડેપ્યુટી સેકશન અધિકારી, નાયબ મામલતદાર, પ્લાનીંગ આસીસ્ટન્ટ અને સર્વેયર સંવર્ગમાં પસંદગી પામેલ ઉમેદવારોને આજે તા. ૩૦મી ડિસેમ્બરના રોજ સાંજે ૪.૦૦ કલાકે સે-૧૭ ટાઉનહોલમાં નિમણુંક પત્ર સમારોહ યોજાશે. પસંદગી પામેલ સફળ ઉમેદવારોને રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે નિમણુંક પત્ર એનાયત કરવામાં આવશે.

આ સમારોહમાં અતિથિ વિશેષ પદે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, સંસદીય સચિવ પુનમભાઈ મકવાણા, મંત્રી દિલીપકુમાર ઠાકોર, મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિતના મહાનુભાવો અને અધિકારીઓ ઉપસ્થિત રહેશે. સમારોહમાં અંદાજે ૧૫૦૦થી વધારે સફળ ઉમેદવારોને નિમણુંક પત્ર આપવામાં આવશે.

## સે-૨૮ના બગીચા પાસેથી ચોરીના બાઈક સાથે એક શખ્સ પકડાયો

**સ્પ્લેન્ડર બાઈક ચારેક વર્ષ પહેલા સે-૭ની હદમાંથી ચોરી થયું હોવાનું ખુલ્યુ : પુછપરછ ચાલુ**

ગાંધીનગર, તા.૨૯

શહેરના સેકટર-૨૮ બગીચાની સામેના વિસ્તાર પાસેથી ગાંધીનગર એલસીબીની ટીમે ચોરીના બાઈક સાથે ન્યુ રાણીપના યુવાન શખ્સને પકડી પાડયો હતો. આ બાઈક સંદર્ભે તપાસ કરતાં ચારેક વર્ષ પહેલા સે-૭ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાંથી ચોરી થયું હોવાનું જાણવા મળ્યું હતું. એલસીબીએ બાઈક રીકવર કરી ન્યુ રાણીપના શખ્સની ધરપકડ કરી વધુ પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. પરાગ ચૌહાણની સુચનાથી તેમની ટીમ વાહનચોરો પકડવા સક્રીય થઈ છે ત્યારે ગઈ કાલે પીએસઆઈ કૃણાલ પટેલની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે એલસીબી ઓફીસ નજીક સે-૨૮ના બગીચા પાસે એક શખ્સ ચોરીના બાઈક સાથે ઉભો છે તેને આધારે તપાસ કરતા મુળ વિજાપુર તાલુકાના માલોસણ પાસેના અને હાલ ન્યુ રાણીપ ચેનપુર વિસ્તારમાં રહેતા મિતેશ મહેશ પટેલ જીજે ૯ એ.જી. ૫૨૮૬ નંબરના સ્પ્લેન્ડર બાઈક સાથે મળી આવ્યો હતો. બાઈક અંગે પુછપરછ કરતા મિતેશે આ બાઈક કોઈ જયમીન પ્રજાપતિ નામના મિત્રનું હોવાનું જણાવ્યું હતું. જો કે કોઈ જયમીન પ્રજાપતિ તપાસ દરમિયાન ન મળતા મિતેશ ખોટું બોલતો હોવાનું લાગતા બાઈક અંગે તપાસ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું કે આ બાઈક વર્ષ ૨૦૧૨માં સે-૭ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી ચોરાયું હતું. એલસીબીની ટીમે મિતેષની ધરપકડ કરી બાઈક રીકવર કરી સે-૭ પોલીસને સોંપવા તજવીજ શરુ કરી છે.

# આજથી હરસિધ્ધી સિધ્ધી પીઠ ખાતે ત્રીજા પાટોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના સે-૩-ડી ખાતે આવેલ હરસિધ્ધી સિધ્ધી પીઠ ગાંધીનગર દ્વારા આયોજીત ત્રીજા પાટોત્સવની ઉજવણીના ભાગરુપે 'હોમાત્મક સહસ્ત્રચંડી મહાયાગ' અને 'શ્રીમદ ભાવગત કથા જ્ઞાનયજ્ઞ'નું આયોજન તા. ૩૦-૧૨-૨૦૧૬ના રોજથી તા. ૮-૧-૨૦૧૭ સુધી કરાયું છે. તા. ૮મી જાન્યુઆરી ૨૦૧૭ના રોજ કથાની પૂર્ણાહુતિ થશે. હરસિધ્ધી સિધ્ધી પીઠ ખાતે દસ દિવસ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. આ ધાર્મિક પ્રસંગોમાં હજ્જારો ભકતો ઉમટશે અને માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવશે. આ કાર્યક્રમમાં સમગ્ર રાજયમાંથી સાધુ-મહંતો ઉપસ્થિત રહેશે.

શહેરના સે-૩-ડી ખાતે આવેલ હરસિધ્ધી સિધ્ધી પીઠ દ્વારા આયોજીત ત્રીજા પાટોત્સવની ઉજવણી પ્રસંગે શ્રી ૧૦૮ સિધ્ધિપિઠાધીશ્વર મહામંડલેશ્વર આત્માનંદપુરીજીના મુખે શ્રીમદ ભાગવત કથા બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે. ભાગવત કથા અંતર્ગત પ્રથમ દિવસે સે-૨-બી પ્લોટ નં. ૩૬૭/૧ ખાતેથી બપોરે ૨ કલાકે ભવ્ય શોભાયાત્રા નીકળશે. પૂજય ગૌ સંત




શ્રી મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી દિલિપદાસજી મહારાજ જગન્નાથ મંદિર અને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરના હસ્તે દિપ પ્રાગટય કરીને કથાનો શુભારંભ કરવામાં આવશે. તા. ૩૦ને કથાના પ્રથમ દિવસે શ્રીમદ ભાગવત મહાત્મ્ય, બીજા દિવસે કપિલ અવતાર કથા, ત્રીજા દિવસે ભરત ચરિત્ર કથા, ચોથા દિવસે કૃષ્ણ જન્મોત્સવ, પાંચમા દિવસે ગોવર્ધન લીલા કથા, છઠ્ઠા દિવસે રૂકમણી વિવાહ કથા અને કથાના અંતિમ દિવસે સુદામા ચરિત્ર તથા પરિક્ષિત મોક્ષ જેવા દિવ્ય પ્રસંગો યોજાશે. જયારે તા. ૬ થી ૮ જાન્યુઆરી દરમિયાન વિષ્ણુયાગ યોજાશે. તે ઉપરાંત માતાજીના આંગણે હોમાત્મક સહસ્ત્ર ચંડી મહાયાગનું આયોજન કરાયું છે. જેમાં ૧૦ દિવસ સુધી વેદપાઠી ભુદેવોમાંના ચંડીપાઠના ૭ લાખ મંત્રોના હોમ, વિવિધ ઔષધિઓથી તથા હુત દ્રવ્યોથી હોમ કરાશે. ભાવનાબેન ગોકલાણી, ભાવનાબેન પટેલ અને શહેરના વિવિધ મંડળો દ્વારા તા. ૬ થી ૮ જાન્યુઆરી દરમિયાન આનંદના ગરબાની મહાધૂન સવારે ૮.૦૦ કલાકથી શરુ થશે. આ કાર્યક્રમમાં રાજકીય આગેવાનો, શહેરના જાણીતા આગેવાનો, વિવિધ સંસ્થાના મિત્રો સહિત સાધુ-મહંતો ઉપસ્થિત રહેશે.

ત્રીજા પાટોત્સવની ઉજવણીમાં સૌ માતાજીના ભકતોને પધારવા પીઠાધીશ ગાદીપતિ હનુમાનજી મહારાજ ગાંધીનગરના આચાર્ય વિશ્વાસભાઈ જાની અને મહંતશ્રી હરસિધ્ધી શકિતથી લાડોલના અધ્યક્ષ અશ્વિનભાઈ જાનીએ અનુરોધ કર્યો છે. સે-૩-ડી ખાતે દસ દિવસીય સુંદર ધાર્મિક કાર્યક્રમને પગલે અનોખું ધાર્મિક વાતાવરણ સર્જાશે.

## ચિરવિદાય

- સ્વ. હિરાબેન આતાજી ઠાકોર, ઉ.વ. ૯૭
- સ્વ. અસ્મિતા મહેશભાઈ ઠાકોર, ઉ.વ. ૦૮
- સ્વ. અરજણજી કનુજી ઠાકોર, ઉ.વ. ૩૦